TATA SHAKTEE GC SHEET · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ આઠમ શુક્રવાર ૧૦ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૨

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ પર હજુ અનિશ્ચિતતાના વાદળ

**લેબેનોન** પર ઇઝરાયેલના બોમ્બમારા અને હોર્મુઝમાં ઇરાને ચાલુ રાખેલા અવરોધને કારણે યુદ્ધવિરામ ટકવા અંગે શંકાઓ

**જો ઇરાન** કરારનું પાલન નહીં કરે તો અમેરિકી દળો તેના પર પહેલા કરતાં વધુ જોરદાર હુમલો કરશે : ટ્રમ્પે ચેતવણી આપી

**દુબઈ, તા. 9 (AP):** ઈરાન યુદ્ધમાં કામચલાઉ યુદ્ધવિરામ ગુરુવારે લથડતો જોવા મળ્યો હતો. બેરૂત પર ઈઝરાયેલનો બોમ્બમારો, હોર્મુઝની સામુદ્રધુની પર તેહરાનનો સતત કબજો અને શનિવારે યોજાનારી મંત્રણામાં કોઈ સર્વસંમતિ સધાશે કે કેમ તે અંગેની અનિશ્ચિતતા આ માટે જવાબદાર છે.

ઈરાન અને અમેરિકા - જે બંનેએ મંગળવારે રાત્રે યુદ્ધવિરામની જાહેરાત બાદ પોતાની જીતનો દાવો કર્યો હતો - તેઓ હવે એકબીજા પર દબાણ લાવતા જણાય છે. ઈરાનની અર્ધ-સરકારી સમાચાર સંસ્થાઓએ સંકેત આપ્યો છે કે દળોએ હોર્મુઝની સામુદ્રધુનીમાં સુરંગો બિછાવી છે. તેલના પરિવહન માટે આ અત્યંત મહત્વનો જળમાર્ગ છે અને તેને બંધ કરવો એ તેહરાન માટે સૌથી મોટો વ્યૂહાત્મક ફાયદો સાબિત થયો છે. બીજી તરફ, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો ઈરાન કરારનું પાલન નહીં કરે, તો અમેરિકી દળો ઈરાન પર પહેલા કરતા પણ વધુ જોરદાર હુમલો કરશે.

આ યુદ્ધવિરામ કરારમાં ઈઝરાયેલના લેબેનોન પર હુમલા રોકવાની સમાવેશ થાય છે કે નહીં તે બાબતે પણ મતભેદો હતા. ઈઝરાયેલે બુધવારે બેરૂત પર ભીષણ હવાઈ હુમલા કર્યા હતા, જે 28 ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયા પછી લેબનોનમાં સૌથી ઘાતક દિવસ સાબિત થયો હતો. તણાવના કેન્દ્રમાં રહેલા ઈરાનના સંવર્ધિત યુરેનિયમના જથ્થાનું શું થશે, સામુદ્રધુનીમાં સામાન્ય અવરજવર ક્યારે અને કેવી રીતે શરૂ થશે, અને ભવિષ્યમાં મિસાઈલ હુમલા કરવાની તથા પ્રદેશમાં સશસ્ત્ર જૂથોને ટેકો આપવાની ઈરાનની ક્ષમતાનું શું થશે, તે અંગે પણ પ્રશ્નો યથાવત છે.

## હોર્મુઝની સામુદ્રધુની મુદ્દે UAEએ ઈરાન સામે ટીકા ઉગ્ર બનાવી

**દુબઈ, 9 (AP):** સંયુક્ત આરબ અમીરાત (UAE) ની મુખ્ય ઓઈલ કંપનીના વડાએ ગુરુવારે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાના મુદ્દે ઈરાન સામે પોતાના તેવર વધુ આક્રમક બનાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, આ મહત્વપૂર્ણ જળમાર્ગનું કોઈપણ સ્વરૂપે શસ્ત્રીકરણ સહન કરી શકાય નહીં. અબુ ધાબી નેશનલ ઓઈલ કંપની (ADNOC) ના CEO સુલતાન અલ-જાબેરે ઓનલાઈન નિવેદનમાં જણાવ્યું હતું કે, લગભગ 230 જહાજો તેલથી ભરેલા છે અને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવા માટે તૈયાર છે, જે અત્યારે ઈરાનના નિયંત્રણમાં છે. અલ-જાબેરે કહ્યું, તેઓ અને ત્યારબાદ આવનારા દરેક જહાજને કોઈપણ શરત વિના આ કોરિડોરમાંથી પસાર થવાની સ્વતંત્રતા મળવી જોઈએ. કયા દેશને કઈ શરતો પર પસાર થવા દેવા, તે નક્કી કરવાનો કોઈ પણ દેશ પાસે કાયદેસરનો અધિકાર નથી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે: ઈરાને તેના નિવેદનો અને ક્રિયાઓ દ્વારા સ્પષ્ટ કરી દીધું છે કે અહીંથી પસાર થવું એ પરવાનગી, શરતો અને રાજકીય દબાણને આધીન છે. આ જળમાર્ગમાં નેવિગેશનની સ્વતંત્રતા નથી, પરંતુ તે જબરદસ્તી છે.

### લેબેનોનમાં ઇઝરાયેલના હુમલાઓનો સખત જવાબ અપાશે : ઇરાન

**દુબઈ :** ઈરાનની સંસદના અધ્યક્ષે ગુરુવારે ચેતવણી આપી હતી કે લેબનોનમાં હિઝબુલ્લાહ પર ઈઝરાયેલના સતત હુમલાઓ સ્પષ્ટ કિંમત અને મજબૂત પ્રતિસાદ લાવશે. મોહમ્મદ બાઘેર કાલીબાફે X પર એક સંદેશમાં આ ચેતવણી આપી હતી. અન્ય ઈરાની અધિકારીઓની જેમ, તેમણે આગ્રહ કર્યો હતો કે બે અઠવાડિયાનો યુદ્ધવિરામ લેબનોન સુધી લંબાવવામાં આવ્યો છે, જે વાતનો ઈઝરાયેલ અને અમેરિકા બંનેએ ઇનકાર કર્યો છે. તેમણે લખ્યું હતું કે, યુદ્ધવિરામનું ઉલ્લંઘન સ્પષ્ટ અને મજબૂત પ્રતિસાદ લાવશે. તરત જ આગ બુઝાવો. કાલીબાફ વિશે એવી ચર્ચા થઈ રહી છે કે તેઓ એક સંભવિત મધ્યસ્થી હોઈ શકે છે જેઓ પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં યુએસના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સને મળી શકે છે.

### ઇરાનના અણુ સંવર્ધનના અધિકાર અંગે મંત્રણા ખૂબ જરૂરી: ઇરાની અણુ વડા

**દુબઈ.** ઈરાનની પરમાણુ એજન્સીના વડાએ ગુરુવારે જણાવ્યું હતું કે અમેરિકા સાથે યુદ્ધવિરામની કોઈપણ વાતચીતમાં યુરેનિયમ સંવર્ધન કરવાના તેહરાનના અધિકારનું રક્ષણ કરવું જરૂરી છે. ઈરાન સંસ્થાના પરમાણુ ઉર્જા સંગઠનનું નેતૃત્વ કરનાર મોહમ્મદ ઈસ્લામીએ તેહરાનમાં દિવંગત સર્વોચ્ચ નેતા અલી ખામેનીના સ્મરણાર્થે આયોજિત કાર્યક્રમ દરમિયાન એસોસિએટેડ પ્રેસના પત્રકાર સહિતના અન્ય પત્રકારો સાથેની વાતચીતમાં આ ટિપ્પણી કરી હતી. કાયમી યુદ્ધવિરામ માટેના ઈરાનના 10-મુદ્દાના પ્લાનના એક ભાગ તરીકે અમેરિકા દ્વારા સંવર્ધનને માન્યતા આપવાનો ઈનકાર કરવાના સંદર્ભમાં ઈસ્લામીએ કહ્યું કે, આ તે જરૂરી બાબતોનો એક હિસ્સો છે જેના વિશે કોઈ વાત કરતું નથી.

## લેબેનોનમાં ઈઝરાયેલના હુમલામાં 200થી વધુના મોત, 1000 ઘાયલ

**ઇઝરાયેલના** હુમલામાં અલ જઝીરાના સંવાદદાતા અને લેબનોનના ૨ પત્રકારો માર્યા ગયા





**બેરૂત, ૯ (AP):** ઈઝરાયેલ દ્વારા બુધવારે લેબનોનમાં હુમલાઓ તેજ કરવામાં આવ્યા હતા, જેમાં બેરૂતના વ્યાપારી અને રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. અહીં લડાઈના સૌથી ઘાતક દિવસે ઓછામાં ઓછા 200 લોકો માર્યા ગયા હોવાનો દાવો લેબેનોનના આરોગ્ય મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો હતો, સાથે જ કહેવાયું હતું કે આ હુમલાઓમાં 1000થી વધુ લોકો ઘાયલ થયા છે. અલ જઝીરા નેટવર્ક અને ત્યાંના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, બુધવારે થયેલા ઇઝરાયેલી હુમલામાં ગાઝામાં અલ જઝીરાના એક સંવાદદાતાનું મોત થયું છે. આ ઉપરાંત, 'કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ્સ' અને સંબંધિત ન્યૂઝ નેટવર્ક અનુસાર, લેબનોનમાં પણ તે દેશના બે પત્રકારો ઇઝરાયેલી હુમલામાં માર્યા ગયા છે. ભીષણ ઈઝરાયેલી હુમલા બાદ કાટમાળ નીચે દબાયેલા લાપતા લોકોને શોધવા માટે બચાવકર્મીઓએ આખી રાત શોધખોળ હાથ ધરી હતી. લેબનોનની સરકારી નેશનલ ન્યૂઝ એજન્સીએ ગુરુવારે અહેવાલ આપ્યો હતો કે, દક્ષિણ લેબનોનમાં રાતોરાત થયેલા ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા સાત લોકોનાં મોત થયા છે. જો કે, ઈઝરાયેલી સેનાએ

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી

### લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાનું કડક વલણ

વિપક્ષ દ્વારા લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવમાંથી બચ્યા બાદ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહનું સંચાલન કરતી વખતે નોંધપાત્ર રીતે કડક વલણ અપનાવ્યું છે. અધ્યક્ષની આ મક્કમતા પક્ષીય રાજકારણથી ઉપર જોવા મળી રહી છે, જેમાં વિપક્ષ અને સત્તાધારી પક્ષ બંનેના સભ્યોએ તીક્ષ્ણ હસ્તક્ષેપનો સામનો કરવો પડી રહ્યો છે. સંસદના બજેટ સત્રના બીજા તબક્કા દરમિયાન કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને પ્રશ્નકાળ દરમિયાન તેમના જવાબો ટૂંકા રાખવા માટે કહેવામાં આવ્યું હતું. ચૌહાણ વાસ્તવિક મુદ્દા પર આવતા પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ સાથે પોતાના ભાષણની શરૂઆત કરવા માટે જાણીતા છે. જ્યારે તેઓ સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવ દ્વારા ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના વચન અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા ત્યારે આ ચર્ચા થઈ હતી. જ્યારે યાદવે ખેડૂતોની સતત કથળતી સ્થિતિ અંગે સરકારને ઘેરી, ત્યારે ચૌહાણે કેટલાક ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થયો

...અનુસંધાન પાના 15 પર

## આસામ, કેરળ, પુદુચેરીમાં ચૂંટણી એકંદરે શાંતિપૂર્ણ રીતે સંપન્ન

**આસામમાં** ૮૫ ટકાની ઉપર અને કેરળમાં ૭૮ ટકાની ઉપર તથા સંઘપ્રદેશ પુદુચેરીમાં ૮૬થી વધુ મતદાન

**ચાર** વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં 68 થી 82 ટકા મતદાન

**ગુવાહાટી, થિરૂવનંથપુરમ, પુદુચેરી, તા. 9 (PTI):** આજે જ્યાં વિધાનસભાઓની ચૂંટણી યોજાઈ હતી તે આસામ, કેરળ અને સંઘપ્રદેશ પુદુચેરીમાં ખૂબ સારી મતદાન ટકાવારી નોંધાઈ હતી. આસામમાં ટકાવારી ૮૫ ટકાની ઉપર અને કેરળમાં ૭૮ ટકાની ઉપર

...અનુસંધાન પાના 15 પર

### આસામ વિધાનસભા ચૂંટણી વચ્ચે મતદાન અધિકારી મૃત હાલતમાં મળી આવ્યા

**તેઝપુર.** રાજ્યમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન ગુરુવારે આસામના સોનિતપુર જિલ્લામાં એક મતદાન અધિકારી મૃત હાલતમાં મળી આવ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. 45 વર્ષીય દેબેન હોરો નદુઆર મતવિસ્તારમાં બીજા મતદાન અધિકારી તરીકે નિયુક્ત થયા હતા. એક અધિકારીએ કહ્યું કે, હોરો ડોલાપાણી એલપી સ્કૂલના

...અનુસંધાન પાના 15 પર



### આસામમાં ચૂંટણી સંબંધિત હિંસામાં આશરે 30 ઘાયલ, 7ની ધરપકડ

**ગુવાહાટી/સિલચર/ડિબ્રુગઢ (અસમ).** અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુરુવારે અસમમાં ચૂંટણી સંબંધિત હિંસાના સંબંધમાં આશરે 30 લોકો ઘાયલ થયા હતા અને સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું

...અનુસંધાન પાના 15 પર

## યુદ્ધવિરામમાં તણાવ સર્જાતા ક્રૂડમાં ફરી ભડકો, શેરબજારો ગગડ્યાં

**એશિયન** શેરબજારો ઘટીને બંધ થયા, યુરોપિયન બજારો પણ ગગડ્યા, અમેરિકી સૂચકઆંકો ફરી નીચે તરફ

**બ્રેન્ટ** ક્રૂડ ફરીથી ૩.૫ ટકા વધીને 98.09 ડોલર પ્રતિ બેરલ, યુએસ ક્રૂડ પણ ૩.૬ ટકા વધ્યું

**હોંગકોંગ, તા. 9 (AP):** અમેરિકા અને ઈરાન વચ્ચેના નાજુક યુદ્ધવિરામ અંગેની શંકાઓને કારણે ગુરુવારે તેલના ભાવમાં ફરી વધારો થયો હતો અને વિશ્વના શેરબજારોમાં મોટાભાગે ઘટાડો જોવા મળ્યો હતો. લેબનોન પર ઇઝરાયેલના તીવ્ર હુમલાઓ, જેમાં સેંકડો લોકો માર્યા ગયા અને ઘાયલ થયા હતા, તે ઘટના બાદ રોકાણકારો ચિંતાથી નિહાળી રહ્યા છે કે શું અમેરિકા અને ઈરાન વચ્ચેનો બે સપ્તાહનો યુદ્ધવિરામ નબળો પડી રહ્યો છે. લેબનોનમાં થયેલા હુમલાના જવાબમાં ઈરાને ફરી એકવાર હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી દીધી છે.

યુરોપિયન ટ્રેડિંગની શરૂઆતમાં બ્રિટનનો FTSE 100 ઈન્ડેક્સ 0.3 ટકા ઘટીને 10,572.73 પર પહોંચ્યો હતો. ફ્રાન્સનો CAC 40 ઈન્ડેક્સ 0.8 ટકા ઘટીને 8,198.77 પર, જ્યારે જર્મનીનો DAX 1.3

...અનુસંધાન પાના 15 પર

## નીતીશ કુમાર આજે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લેશે

**નવી દિલ્હી, તા. 9 (PTI):** બિહારના લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેલા નીતીશ કુમાર શુક્રવારે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લેશે. જેનાથી બિહારમાં નવી સરકારની રચના માટેનો માર્ગ મોકળો થશે. કુમાર ગુરુવારે રાષ્ટ્રીય રાજધાની પહોંચ્યા હતા અને એરપોર્ટ પર જેડીયુ (જેડી-યુ) ના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ સંજય કુમાર ઝા સહિતના પક્ષના નેતાઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ પર પત્રકારો સાથે વાત

...અનુસંધાન પાના 15 પર

## ઈરાન-અમેરિકા વચ્ચે આજે પાકિસ્તાનમાં મહત્વની મંત્રણા

**બંને** દેશોના પ્રતિનિધિમંડળો વચ્ચેની આ મંત્રણા કેટલો સમય ચાલશે તેની કોઇ માહિતી અપાઇ નહીં

**ઉપપ્રમુખ** વાન્સની આગેવાની હેઠળના અમેરિકી પ્રતિનિધિમંડળમાં ટ્રમ્પના જમાઇ જેરેડ કુશ્નરનો પણ સમાવેશ

**ઇસ્લામાબાદમાં** કડક સુરક્ષા વ્યવસ્થા

**ઈસ્લામાબાદ, તા. 9 (PTI):** પાકિસ્તાન શુક્રવારે અમેરિકા અને ઈરાન વચ્ચે ઉચ્ચ સ્તરીય પ્રત્યક્ષ વાટાઘાટોની યજમાની કરવા જઈ રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય પશ્ચિમ એશિયામાં નાજુક યુદ્ધવિરામને મજબૂત કરવાનો અને તણાવ વધતો અટકાવવાનો છે.

બુધવારે અમેરિકા અને ઈરાન બે અઠવાડિયાના શરતી યુદ્ધવિરામ માટે સંમત થયા હતા, ત્યારબાદ મતભેદો ઉકેલવા અને ચાલુ યુદ્ધવિરામને કાયમી શાંતિમાં ફેરવવા માટે ઈસ્લામાબાદમાં રૂબરૂ બેઠક યોજાવાની છે. બંને પ્રતિસ્પર્ધી પક્ષોના પ્રતિનિધિમંડળ વાટાઘાટોમાં ભાગ લેવા માટે ગુરુવાર રાત સુધીમાં ઈસ્લામાબાદ પહોંચે તેવી અપેક્ષા છે. પાકિસ્તાનમાં ઈરાનના રાજદૂત રેઝા અમીરી મોગદમ દ્વારા તેહરાનના પ્રતિનિધિમંડળની સહભાગિતાની પુષ્ટિ કરવામાં આવી છે. જો કે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈઝરાયેલ

...અનુસંધાન પાના 15 પર

### ઇઝરાયેલ પાકિસ્તાનને વિશ્વસનીય મધ્યસ્થીકાર માનતું નથી : ઈઝરાયેલી રાજદૂત



**નવી દિલ્હી.** ભારત ખાતેના ઇઝરાયેલના રાજદૂત રૂવેન અઝારે ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી યુદ્ધવિરામ વાટાઘાટોમાં પાકિસ્તાનની 'મધ્યસ્થી' તરીકેની ભૂમિકા પર શંકા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે તેલ અવીવ ઇસ્લામાબાદને વિશ્વસનીય ખેલાડી તરીકે જોતું નથી. ઇઝરાયેલના રાજદૂતે કહ્યું કે અમેરિકા પાસે ઇસ્લામાબાદની સેવાઓ લેવા માટેના પોતાના કારણો હોઈ શકે છે, પરંતુ તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેલ અવીવનો ઉદ્દેશ્ય દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના આતંકવાદી માળખા વગરની સ્થિતિ પ્રાપ્ત કરવાનો છે. એજન્સી ANI સાથે વાત કરતા અઝારે કહ્યું, અમે પાકિસ્તાનને વિશ્વસનીય પક્ષ તરીકે જોતા નથી. મને લાગે છે કે યુનાઇટેડ સ્ટેટ્સે તેમના પોતાના કારણોસર પાકિસ્તાનની સુવિધાનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. આ ટિપ્પણીઓ 11 એપ્રિલના રોજ અમેરિકા અને ઈરાન વચ્ચે યોજાનારી સીધી મંત્રણા પહેલા આવી છે, જેના માટે અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી. વેન્સ ઇસ્લામાબાદની મુસાફરી કરે તેવી શક્યતા છે. અઝારે પાકિસ્તાન દ્વારા મધ્યસ્થી કરવામાં આવી રહેલા અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ અને ટ્રમ્પની ટીમે જ્યારે કતાર અને તુર્કી જેવા 'સમસ્યાજનક' દેશો સાથે મળીને હમાસ સહિત ગાઝામાં યુદ્ધવિરામ માટે સમજૂતી કરી હતી, તે વચ્ચે સમાનતા હોવાનું કહ્યું હતું.

### ઇરાની રાજદૂતે બેઠક અંગેની એક પોસ્ટ ડીલીટ કરી નાખતા ચિંતા

**ઇસ્લામાબાદ :** ગુરુવાર, ૯ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ, પાકિસ્તાન ખાતેના ઈરાનના રાજદૂત રઝા અમીરી મોગાદમ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મૂકવામાં આવેલી એક પોસ્ટ ડિલીટ કરવામાં આવી હતી. આ પોસ્ટમાં અમેરિકા સાથેની શાંતિ મંત્રણા માટે ઈરાની પ્રતિનિધિમંડળના ઈસ્લામાબાદ આગમનની જાહેરાત કરવામાં આવી હતી. ગુરુવારે સવારે કરવામાં આવેલી આ પોસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ઈરાન દ્વારા પ્રસ્તાવિત ૧૦ મુદ્દાઓ પર ગંભીર ચર્ચા

...અનુસંધાન પાના 15 પર

### પાકિસ્તાને ઇસ્લામાબાદમાં અમેરિકી પ્રતિનિધિમંડળને અભેદ સુરક્ષાનું વચન આપ્યું

**ઇસ્લામાબાદ.** પાકિસ્તાને ગુરુવારે અમેરિકાને જણાવ્યું હતું કે, તે પશ્ચિમ એશિયાના સંઘર્ષના સંભવિત શાંતિપૂર્ણ અંત માટે ઈરાન સાથેની વાટાઘાટો પહેલા તેના મુલાકાતી પ્રતિનિધિમંડળને અભેદ સુરક્ષા પૂરી પાડશે. પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવી અમેરિકાના ચાર્જ ડી'અફેર્સ નેટલી બેકર સાથે વાત કરી રહ્યા હતા, જેમણે આગામી વાટાઘાટોની તૈયારીઓ અંગે ચર્ચા કરવા માટે તેમની મુલાકાત લીધી હતી. ગૃહ મંત્રાલય દ્વારા એક્સ પરના એક નિવેદન અનુસાર,

...અનુસંધાન પાના 15 પર

તા. ૦૯-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૨° સે. | ૨૪.૬° સે. | 33% |